ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડિકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૧ | ૧૧ એપ્રિલ, ૨૦૨૦, શનિવાર; ચૈત્ર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**કોરોનાના સંક્રમણ અટકાવવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૧ દિવસનો લોકડાઉનનો નિર્ણય ન કર્યો હોત**

# ...તો ભારતમાં ૮ લાખથી વધુ કેસ હોત

**ઇન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચમાં દાવો : વડાપ્રધાન મોદીએ લોકડાઉન માટે નિર્ણય લઇને દેશને ઇટાલી બનતા રોકવામાં ભૂમિકા ભજવી છે**



નવીદિલ્હી, તા. ૧૦

દેશમાં કોરોના વાયરસના આતંક વચ્ચે ભારતમાં લાગૂ કરવામાં આવેલા ૨૧ દિવસના લોકડાઉનના ગાળાને લઈને કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો મોદી સરકાર ઉપર આકરા પ્રહારો કરી રહ્યા છે. એકબાજુ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી સહિતના અનેક દિગ્ગજ નેતાઓ સરકારના આ નિર્ણયનો ઉતાવળમાં લેવામાં આવેલા નિર્ણય તરીકે ગણાવી રહ્યા છે. બીજી બાજુ તાજેતરમાં જ ઈન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચના રિપોર્ટમાં દેશમાં લોકડાઉનને લઈને મોટો ખુલાસો કરવામાં આવ્યો છે. ઈન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચના રિપોર્ટમાં દેશમાં લાગૂ લોકડાઉનને લઈને ખુસાલો કરતા જણાવવામાં આવ્યું છે કે, લોકડાઉન કરવાના કારણે ભારત ઈટાલી બનતા રહી ગયું છે. જો લોકડાઉન કરવામાં આવ્યું ન હોત તો આજે ભારતની સ્થિતિ ઈટાલી જેવી થઈ હોત અને ૮.૨૦ લાખ લોકો ઈન્ફેક્શનગ્રસ્ત થયા હોત. ઈન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, લોકડાઉન ખુબ જ આદર્શ અને યોગ્ય પગલું છે. લોકડાઉન નહીં કરવાની સ્થિતિમાં ભારતમાં ઈટાલી કરતા પણ ખરાબ હાલત થઈ હોત. રિપોર્ટ મુજબ આવી સ્થિતિમાં

● અનુસંધાન પાન-૭ પર

## મોદીની આજે મુખ્યમંત્રીઓ સાથે બેઠક : દેશની નજર કેન્દ્રિત

**મોટા ભાગના મુખ્યમંત્રીઓ લોકડાઉનમાં વધારો કરવાના પક્ષમાં : લોકડાઉનમાં લોકો સહયોગ નહીં આપે તો મેડિકલ ઇમરજન્સી પણ લાગૂ થઇ શકે : વડાપ્રધાન આજે રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વિડિયો બેઠક યોજી અભિપ્રાય લેશે**

નવીદિલ્હી, તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે શનિવારના દિવસે તમામ રાજ્યોના મુખ્યમંત્રી સાથે અતિમહત્વપૂર્ણ બેઠક કરનાર છે. ૨૧ દિવસ માટે લાદવામાં આવેલા અને હાલમાં ચાલી રહેલા લોકડાઉનના ગાળાને ખતમ કરવામાં આવે કે પછી લંબાવવામાં આવે તેને લઈને મુખ્યમંત્રીઓ સાથે મહત્વપૂર્ણ વાતચીત થનાર છે. લોકડાઉનને લંબાવવામાં આવશે કે કેમ તે અંગેની જાહેરાત મોદી ૧૪મી એપ્રિલના દિવસે કરનાર છે. મોદી હાલમાં નિયમિતરીતે તમામ સાથે બેઠકો યોજી રહ્યા છે. મુખ્યમંત્રીઓ સાથે પહેલા પણ વાતચીત થઈ ચુકી છે. બુધવારના દિવસે સંસદમાં પ્રતિનિધિત્વ ધરાવનાર જુદા જુદા પક્ષોના ફ્લોર નેતાઓ સાથે પણ બેઠક યોજી હતી.

તે પહેલા પૂર્વ રાષ્ટ્રપતિ અને પૂર્વ વડાપ્રધાનો સાથે મોદીએ ચર્ચા કરી હતી. પાર્ટીના તમામ નેતાઓ અને કેબિનેટ મંત્રીઓ સાથે પણ મોદી સતત વાતચીત કરી રહ્યા છે. હવે આવતીકાલે શનિવારના દિવસે તમામ રાજ્યોના મુખ્યમંત્રી સાથે વાયા વિડિયોથી મોદી વાતચીત કરનાર છે. વિડિયો કોન્ફરન્સ એવા સમયમાં આવી રહી છે ત્યારે લોકડાઉનને લંબાવવાને લઈને ચર્ચાઓ ચાલી



રહી છે. કારણ કે, કોરોના વાયરસના ઝડપથી ફેલાવા રોકવા માટે લોકડાઉનની અવધિ ઉપયોગી સાબિત થઈ છે. વિડિયો કોન્ફરન્સિંગમાં જુદા જુદા રાજ્યો પોતાના અભિપ્રાય રજૂ કરશે.

## દેશમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન સ્થિતિ નથી : આરોગ્ય મંત્રાલય

**કોરોના ફેલાવવાની ગતિ ભારતમાં પ્રમાણમાં ધીમી : ૧૬૦૦૦થી વધુ ટેસ્ટ પૈકી માત્ર બે ટકા દર્દી જ પોઝિટિવ : ટેસ્ટિંગની ગતિ અનેક ગણી કરાઈ : ૨૧૩ લેબ સક્રિય છે**

નવી દિલ્હી, તા. ૧૦

દેશમાં કોરોના વાયરસના કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં જ ૬૭૮થી વધુ નવા કેસો સપાટી ઉપર આવવાથી કેસોની સંખ્યા ૬૫૦૦થી ઉપર પહોંચી ચુકી છે. અલબત્ત રાહતની બાબત એ છે કે, દેશમાં હજુ કોમ્યુનિટી ટ્રાન્સમિશનની સ્થિતિ નથી. કેન્દ્રીય આરોગ્યમંત્રાલય દ્વારા આજે કહેવામાં આવ્યું હતું કે, હજુ દેશમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશનની સ્થિતિ નથી પરંતુ સાવધાની જરૂરી બની છે. દેશમાં ટેસ્ટિંગની ગતિમાં પણ તેજી આવી છે. હજુ સુધી ૨૧૩ લેબમાં કામ ચાલી રહ્યું છે. ૧૬૦૦૨ ટેસ્ટ થયા જે પૈકી ૨ ટકા દર્દી પોઝિટિવ આવ્યા છે. આરોગ્ય મંત્રાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે, પુરતી સંખ્યામાં ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. આરોગ્ય મંત્રાલયમાં સંયુક્ત સચિવ લવ અગ્રવાલે કહ્યું છે કે, જાન્યુઆરી મહિનામાં એક લેબથી કામ શરૂ કરવામાં આવ્યું હતું જેને વધારીને ૧૫ કરવામાં આવ્યું હતું. આજે ૧૪૬ સરકારી લેબ છે. ૬૭ પ્રાઈવેટ લેબ છે જેના ૧૬૦૦૦થી વધારે કલેક્શન સેન્ટરો છે. તેમણે કહ્યું હતું કે, જાન્યુઆરી મહિનામાં દરરોજ ૧૦૦ ટેસ્ટ થઈ રહ્યા હતા. એક સપ્તાહ પહેલા સુધી ૬૦૦૦ ટેસ્ટ થઈ રહ્યા હતા પરંતુ ગુરુવારના દિવસે ૧૬૦૦૨ ટેસ્ટ

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૬૩૮૨૧૬ | ૧૦૦૦૯૦ | ૬૬૮૯૧૨ |
| ભારત | ૭૭૫૭ | ૨૪૬ | ૬૯૭ |
| ગુજરાત | ૩૭૮ | ૧૮ | ૩૩ |
| ગાંધીનગર | ૧૪ | ૦૧ | ૦૩ |

## દેશમાં ૨૪ કલાકમાં નવા ૮૦૯ કેસ નોંધાતા ભારે હાહાકાર

**દેશમાં કુલ સંક્રમિતોનો આંકડો ૭૦૦૦ને પાર, મૃત્યુઆંક ૨૪૬ : ૨૪ કલાકમાં ૪૨નાં મોત**

નવી દિલ્હી, તા.૧૦

ભારતના કોરોનાના કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. ભારતમાં કુલ કેસોની સંખ્યા વધીને સાત હજારથી ઉપર પહોંચી છે. જ્યારે દેશમાં મોતનો આંકડો ૨૦૦થી ઉપર પહોંચી ગયો છે. અનેક નવા કેસો સપાટી પર આવી રહ્યા છે. મહારાષ્ટ્ર સૌથી વધારે પ્રભાવિત રાજ્ય છે. અહીં કેસોની સંખ્યા ૧૩૦૦ કરતા વધારે થઈ ગઈ છે. સ્થિતી વણસે તેવા સંકેતો મળી રહ્યા છે. કારણ કે આઠ રાજ્યોમાં કેસોની સંખ્યા ૨-૪ દિવસમાં જ બે ગણી થઈ ગઈ છે. રાજસ્થાન, હરિયાણા, દિલ્હી, કેરળ, જમ્મુ કાશ્મીર સહિતના રાજ્યોમાં કેસોની સંખ્યામાં તીવ્ર



વધારો થયો છે. આઠ રાજ્યોમાં ખતરનાક સ્થિતીના સંકેત મળી રહ્યા છે. કેરળ અને કર્ણાટકમાં ગતિ ધીમી થઈ છે. જો કે મહારાષ્ટ્ર, રાજસ્થાનમાં કેસોની સંખ્યામાં ઝડપી વધારો થઈ રહ્યો છે દિલ્હીમાં પણ હાલત સારી નથી. તમિળનાડુમાં પણ મુશ્કેલી છે. દેશમાં કુલ કોરોના કેસો પૈકી ૮૪ ટકા કેસો માત્ર મહારાષ્ટ્ર, તમિળનાડુ, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, કેરળ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને કર્ણાટકમાંથી મળ્યા છે. કેરળ અને કર્ણાટકને બાદ કરતા બાકીના રાજ્યોમાં કોરોના કેસોની સંખ્યા પહેલી એપ્રિલથી બે ગણી થઈ છે. ભારતમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ ૩૦મી જાન્યુઆરીના દિવસે આવ્યો હતો.દેશમાં પણ લોકડાઉની સ્થિતી હોવા છતાં અને

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે... છેલ્લે...

- પંજાબ રાજ્ય સરકારે કરફ્યુ ૩૦મી એપ્રીલ સુધી લંબાવવા નિર્ણય કર્યો.
- કેન્દ્રીય આરોગ્ય મંત્રી હર્ષવર્ધને રાજ્યના આરોગ્ય મંત્રીઓ સાથે વિડિયો કોન્ફરન્સ યોજી હતી.
- વિદેશથી ભારત આવેલા ૨૦૪૦૦ ભારતીયોને વ્યક્તિગત રીતે તપાસવાનો ને જરૂર પડે તો કોરોનો ટેસ્ટ કરવાનો આદેશ.
- મુંબઈમાં માત્ર ૨૪ કલાકમાં જ ૮૯૬ કેસ પોઝિટિવ નોંધાતા ભારે હાહાકાર મચ્યો છે.
- અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં ગુલાબપાર્ક પાસે મુસ્લિમ બિરાદરોના મોટા ટોળાએ પોલીસ હુમલો કર્યો હતો. જેમાં બે પોલીસ કર્મીઓ ઘવાયા.
- યુ.કે.ના પ્રાઈમ મિનિસ્ટર બોરિસ જોનસને ટ્વિટ કર્યું હતું કે, થોડાક આરામ બાદ હું કાર્યરત થઈ જઈશ.
- રશિયાના તબીબોએ કોરોનાની ચિકિત્સાનો દાવો કર્યો છે.
- આઈઆઈટી કાનપુર દ્વારા ઓછી કિંમતની પર્સનલ પ્રોટેક્શન કીટ તૈયાર કરાઈ છે.
- ફ્રેન્ચ એરક્રાફ્ટના ૫૦ ક્રુ મેમ્બર્સ એક સાથે કોરોના પોઝિટિવ જણાયા.
- ભારત પાસે ૩.૨૮ કરોડ હાઈડ્રોક્લોરોક્વિન ટેબ્લેટ સ્ટોકમાં છે.
- ભારતના સૌથી વધુ કેસ ધરાવતા રાજ્યો

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૧૫૭૪ |
| તામીલનાડુ | ૯૧૧ |
| દિલ્હી | ૯૦૩ |
| રાજસ્થાન | ૫૨૦ |
| તેલંગણા | ૪૮૭ |
| મધ્યપ્રદેશ | ૪૫૧ |
| ઉત્તરપ્રદેશ | ૪૩૩ |
| આંધ્રપ્રદેશ | ૯૮૧ |

## નેપાળના માર્ગે ૫૦ કોરોના પીડિતોને મોકલવા ષડયંત્ર

**દેશમાં કોરોનાને ફેલાવવાના કાવતરાનો પર્દાફાશ : નેપાળથી ભારતમાં કોરોનાગ્રસ્ત દર્દીઓને ઘુસાડીને કેસોને વધારવાની ઘાતક યોજના : એલર્ટની અંતે થયેલી જાહેરાત**

નવી દિલ્હી, તા. ૧૦

વૈશ્વિક મહામારી કોરોના વાયરસને ભારતમાં ફેલાવાથી રોકવા માટે ભારત સરકાર અને રાજ્ય સરકારો બનતા તમામ પ્રયાસો કરી રહી છે જ્યારે કેટલાક લોકો ભારતના પ્રયાસોને નિષ્ફળ કરવામાં પણ લાગેલા છે. આવા જ પ્રયાસો અંગેની માહિતી હવે સપાટી ઉપર આવી છે. પશ્ચિમી ચંપારણ (બેતિયા)ના જિલ્લા અધિકારી કુંદનકુમારનો એક પત્ર સપાટી ઉપર આવ્યો છે જેમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે, સરહદપારથી કેટલાક લોકો ભારત અને ખાસ કરીને બિહારમાં એક ચોક્કસ રણનીતિ હેઠળ કોરોના વાયરસ ફેલાવવાની યોજના ધરાવે છે. વર્તમાનપત્રમાં પોલીસ અધિક્ષક તરફથી જિલ્લા અધિકારી સરહદ સુરક્ષા દળની ૪૭મી બટાલિયનને કહેવામાં આવ્યું છે કે, સરહદ પારથી કોરોના અસરગ્રસ્ત લોકોને ભારતમાં પ્રવેશ કરાવવામાં આવી રહ્યા છે. પત્રમાં કહેવામાં આવી રહ્યું છે કે, ૪૦થી ૫૦ જેટલા અસરગ્રસ્તોને ભારતમાં ઘુસાડી દેવામાં આવ્યા છે. આ લોકોનો ઈરાદો




ભારતમાં કોરોના વાયરસને ફેલાવાનો રહેલો છે. પત્રમાં કહેવામાં આવ્યુ છે કે, ભારતમાં પ્રવેશ કરેલા તમામ મુસ્લિમો છે. આ લોકોને જાલી મુખિયા નામના એક શખ્સે ભારતમાં જાલીમ મુખિયા એક પ્રકારનો હથિયારો સોદાગર છે. તે નેપાળના જિલ્લા પારસાના શેરવા પોલીસ સ્ટેશન હેઠળ આવતા જગન્નાથપુરનો નિવાસી છે. જાલીમ મુખિયાએ એક રણનીતિ હેઠળ કોરોના અસરગ્રસ્તોને નેપાળ સરહદ મારફતે ભારતમાં ઘુસાડી દીધા છે. પત્રમાં જિલ્લા અધિકારી સરહદ સુરક્ષા દળને એવી અપીલ કરતા નજરે પડી રહ્યા છે કે, હાલ તકેદારી વધારવાની જરૂર છે. કોઈપણ પ્રકારની શંકાસ્પદ ગતિવિધિ પર ખુબ સારીરીતે નજર રાખવાની જરૂર છે. બેતિયાના જિલ્લા અધિકારીના પત્ર અંગે માહિતી મળ્યા બાદ ગૃહ સચિવ અમીર

● અનુસંધાન પાન-૭ પર

## કોરોનાથી વિશ્વ હચમચી ઉઠ્યું

**વિશ્વમાં મૃત્યુઆંક ૧ લાખથી વધુ : કેસોની સંખ્યા ૧૬ લાખથી વધુ નોંધાઈ : રિક્વર પામેલા દર્દીઓની સંખ્યા ૬ લાખથી વધુ**

નવી દિલ્હી,તા. ૧૦

કોરોના વાયરસનો પ્રકોપ દુનિયાના ૨૦૯ દેશોમાં જારી રહ્યો છે. કારણ કે મોત અને કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થઈ રહ્યો છે. આજે મોતનો આંકડો વધીને હવે ૯૫ હજારથી ઉપર પહોંચી ગયો છે. હજુ ૪૯ હજારથી વધારે દર્દીઓ જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે. દુનિયાના દેશોમાં કુલ કેસોની સંખ્યા વધીને ૧૬૦૪૯૫૦ થઈ ગઈ છે.આવી જ રીતે રિક્વર થયેલા લોકોની સંખ્યા વધીને ૩૫૬૬૭૩ થઈ ગઈ છે. ચીનમાં સ્થિતી ધીમે ધીમે કાબુમાં આવી રહી છે. ચીનમાં નવા કેસો અને મોતનો આંકડો ઝડપથી ઘટી રહ્યો છે. જે સંકેત આપે છે કે ચીનમાં કોરોના પર અંકુશ મુકવામાં હવે સફળતા મળી રહી છે. જે ત્યાંના લોકો માટે મોટી રાહતની બાબત છે. દુનિયાના દેશો તેની સામે લડી રહ્યા છે પરંતુ કોરોનાના કારણે કેસો અને મોતના આંકડા પર અંકુશ મુકવામાં સફળતા મળી રહી નથી. હાલમાં વિશ્વમાં આશરે ત્રણ અબજ લોકો લોકડાઉનમાં જીવન ગાળી રહ્યા છે. કોરોના વાયરસનો આ આંકડો દરિયામાં પાણીની એક બુંદ સમાન છે. કારણ કે વાયરસના કારણે અસરગ્રસ્ત લોકોની સંખ્યા વિશ્વમાં ખુબ વધારે છે. રિકવર પણ મોટી સંખ્યામાં લોકો થઈ રહ્યા છે. જો કે સ્થિતીને સામાન્ય બનાવી દેવા માટેના પ્રયાસો યુદ્ધના સ્તર પર તમામ દેશો કરી રહ્યા હોવા છતાં સ્થિતી સુધારો થઈ રહ્યો નથી. સ્પેન, અમેરિકા, ઈટાલી સહિતના દેશો વધારે અસરગ્રસ્ત થયા છે. તેમના પગલા પણ હવે અપુરતા સાબિત થઈ રહ્યા છે. કોરોના કહેર હજુ જારી રહી શકે છે. દુનિયાના દેશો માની રહ્યા છે કે હજુ એપ્રિલના મહિના સુધી તેનો આતંક યથાવત રીતે જારી રહી શકે છે. કારણ કે કેસોની સંખ્યા વધી છે.

### અમેરિકામાં ૨૪ કલાકમાં ૧૯૦૨ લોકોના મોત થયા

**૩૩ હજારથી વધુ નવા કેસો સપાટી પર**

વોશિંગ્ટન,તા.૧૦

અમેરિકામાં કોરોના વાયરસે કાળો કેર જારી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૧૯૦૨ લોકોના મોત થયા છે. જ્યારે કેસોની સંખ્યામાં ૩૩૭૬૯નો ઉમેરો થઈ ગયો છે. આની સાથે જ અમેરિકામાં કુલ કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૪૬૮૮૮૭ સુધી પહોંચી ગઈ છે. જ્યારે મોતનો આંકડો ૧૬ હજાર કરતા વધારે થઈ ગયો છે. ગંભીર રીતે રહેલા દર્દીઓની સંખ્યા પણ ખુબ મોટી રહેલી છે. દરમિયાન એક નવા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે યુરોપના દેશોમાંથી આવેલા લોકોના કારણે કોરોનાની અસર ન્યુયોર્કમાં દેખાઈ હતી. અમેરિકાના તંત્રે ઉદાસીનતા રાખીને માત્ર